કેસ રજુ તા.૧૯–૦૯–૨૨
દાખલ તા.૧૯–૦૯–૨૨
ફેંસલ તા.૧૩–૦૫–૨૩
અવધિઃ– <u>વર્ષ માસ દિવસ</u>

**ગઢડાના મે. એડી. જ્યુડી.મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં,**
**તા. ગઢડા, જી. બોટાદ.**

ફોજદારી કેસ નં. ૩૨૨૮/૨૦૨૨
આંક –

**ફરીયાદીઃ–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઃ–** મુકેશભાઈ દરજીભાઈ વાઘેલા
ઉ.વ.આ. ૩૬, ધંધો – મજુરી,
રહે. ગઢડા બસ સ્ટેન્ડની સામે,
તા. ગઢડા (સ્વા.), જિ. બોટાદ.

---

આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી –

---

**–: ચુકાદો :–**

**૧.)** ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, ગઈ તા. ૧૧–૦૪–૨૦૨૨ ના રોજ કલાક ૧૮.૩૦ વાગ્યાના સુમારે ગઢડા બસસ્ટેન્ડ પાસે પોતાના કબજા ભોગવટામાં એક છરી સાથે ફરતા જાહેરમાં રાખી મ્હે. કલેક્ટરશ્રી બોટાદના જાહેરનામાનો ભંગ કરી, જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબની ફરીયાદ ગઢડા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટ્રેશન નં. ૧૧૧૯૦૦૦૪૨૨૦૬૫૧/૨૦૨૨ થી તે જ દિવસે નોંધેલી. તપાસ કરનાર અધિકારી દ્વારા તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**૨.)** સદર ગુનાના કામે ચાર્જશીટ રજુ થતાં આરોપી વિરૂધ્ધ ફરમાવેલ ગુનાના તહોમત અંગે કોગ્નીજન્સ લઇ, આરોપી સામે સમન્સ ઇસ્યુ કરવામાં આવેલ, જેની ધોરણસરની બજવણી થઇ ગયેલ છે. જે અન્વયે આરોપી હાજર થતાં તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વીનામુલ્યે પુરી પાડવામાં આવેલી. ત્યારબાદ આ કામે આરોપીની પ્લી નોંધતા તેઓએ તેમાં તેમની વિરૂધ્ધનો ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

તેમજ આરોપીએ સદરહુ ગુનાની કબુલાત પુરસીસ આપતાં, તેઓને સદરહુ ગુનાની ગંભીરતા અને સજાની જોગવાઇ અંગે સમજ આપવામાં આવેલ છે. આરોપીને ગુનાની કબુલાત બાબતે પુછતાં તેઓ સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે. તેમજ તેઓએ પોતાની મૌખિક રજુઆતમાં જણાવેલ છે કે, તેઓ ગરીબ અને કુટુંબ કબીલાવાળા વ્યક્તિ છે, તેઓનો આ પ્રથમ ગુનો છે અને ફરી આવા પ્રકારનો કોઇ ગુનો ન કરવાની ખાત્રી આપે છે. જેથી ઓછામાંઓછી સજા અંગેનો હુકમ કરવા વિનંતી કરેલ છે.

**૩.)** આ કામે આરોપીના વિદ્વાન વકીલશ્રીએ પોતાની રજુઆતમાં જણાવેલ છે કે, આરોપીનો આ પ્રથમ ગુનો છે. આરોપી સામાન્ય વર્ગના માણસ છે અને કુટુંબના જવાબદાર વ્યક્તિ છે. તેમજ ભવિષ્યમાં ફરી આવો કોઇ ગુનો નહી બને તેની પુરતી કાળજી રાખશે. જેથી આરોપીની કબુલાત પુરસીસ રેકર્ડ કરી ઓછામાંઓછી સજા અને દંડ ફરમાવવા અરજ કરેલ છે.

**૪.)** આ કામે રજુ કરેલ રેકર્ડ તથા આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં, આરોપી વિરૂધ્ધ જી.પી.એક્ટની કલમ–૩૭(૨) મુજબનું ગુનાહિત કૃત્ય કરેલાનું જણાઇ આવે છે. આરોપીના જણાવ્યા મુજબ તેઓનો આ પ્રથમ ગુનો છે. કુટુંબની સમગ્ર જવાબદારી તેમના ઉપર રહેલી છે અને ભવિષ્યમાં આવો કોઇ ગુનો નહી કરવાની તેઓ ખાત્રી આપે છે. આરોપી તેમની સામેના ગુનાનો પસ્તાવો જાહેર કરે છે. આરોપીની કબુલાત તેઓની વિરૂધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આપવા છતાં રાજી–ખુશીથી અને સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોય તેઓની સદર કબુલાત સ્વીકારવામાં આવે છે. વધુમાં, આરોપીની સ્થિતિને ધ્યાને લેતાં, તેમજ ગુનાનો પ્રકાર, સજાની જોગવાઇ અને નામદાર ગુજરાત વડીઅદાલતના **ગુજરાત રાજ્ય વિ. નટવરલાલ હરચંદજી ઠાકોર [૨૦૦૫ (૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯]** ના

ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાને લેતાં, કેદની સજા કરવાથી આરોપીના કુટુંબને વધુ સહન કરવાનું થતુ હોય છે. જેથી ઉપરોક્ત તમામ સંજોને ધ્યાને રાખી, આરોપીની કબુલાત પુરસીસ ગ્રાહ્ય રાખી, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –: હુકમ :–

**૧.)** આ કામના આરોપી મુકેશભાઈ હરજીભાઈ વાઘેલા ગઢડા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટ્રેશન નં. ૧૧૧૯૦૦૦૪૨૨૦૬૫૧/૨૦૨૨ ના કામે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનાના ભંગ બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા અને આરોપીને **રૂ.૧૦૦/–** (અંકે રૂપીયા એક સો પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો કોઇ આરોપી દંડની રકમ ભરપાઇ કરવામાં કસુર કરે તો તે આરોપીને દિન–૦૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.)** આ કામે પોલીસે કબજે કરેલ મુદ્દામાલનો નાશ કરવો.

**૩.)** હુકમ મુજબની જરૂરી યાદી તૈયાર કરવી.

सत्यमेव जयते

હુકમ આજ તા. ૧૩ મી મે, સને–૨૦૨૩ ના રોજ લોકઅદાલતના દિવસે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૧૩–૦૫–૨૦૨૩.
મુ. ગઢડા.

(અરૂણ જ્યોતીષ વાસુ)
એડી. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
તા. ગઢડા, જી. બોટાદ. (જી.જે. ૦૧૩૯૭)